IIPH, Gandhinagar ને THR (Take Home Ration) માં વેલ્યુ એડીશન કર્યા બાદ અને પહેલાની સગર્ભા, ધાત્રી માતા અને બાળકો પર થતી અસરનો અભ્યાસ કરવા માટે એડવાન્સ રકમ ચુકવવા તેમજ બાકીની રકમ GRC માં પાર્ક કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
હુકમ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૧/૬૫૧/બ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૬/03/૨૦૨૨

વંચાણે લીધા:

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૧/૬૫૧/બ, તા.૧૧/૦૨/૨૦૨૨.

(૨) નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) ની તા.૨૧/03/૨૦૨૨ની દરખાસ્ત ક્ર. ICDS/MIS/THR માં વેલ્યુ એડીશન / Payment Proposal/17522/2021-22.

પ્રસ્તાવના:

વંચાણે લીધા ક્ર. (૧) પરના ઠરાવથી Indian Institute of Public Health, Gandhinagar (IIPHG) ને નોમિનેશન બેઝીઝથી THR માં વેલ્યુ એડીશન કર્યા બાદ અને પહેલાની લાભાર્થીઓ પર થતી અસરનો અભ્યાસ કરવાની કામગીરી સોંપવામા આવેલ છે. સદર કામગીરી માટે ઉક્ત ઠરાવથી રૂ.૮.૮૪ લાખનો ખર્ચ કરવાની મંજુરી આપવમાં આવેલ. વંચાણે લીધી ક્ર. (૨) પરથી નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) દ્વારા સદર કામગીરી માટે ફાળવવામાં આવેલ રકમમાંથી રૂ.૫.૦૨ લાખનું એડવાન્સ પેમેન્ટ કરવા તેમજ બાકીની રકમ રૂ.૩.૮૨ લાખ Gender Resource Centre (GRC) માં પાર્ક કરવા દરખાસ્ત કરેલ છે.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે Indian Institute of Public Health, Gandhinagar (IIPHG) ને નોમિનેશન બેઝીઝથી THR માં વેલ્યુ એડીશન કર્યા બાદ અને પહેલાની લાભાર્થીઓ પર થતી અસરનો અભ્યાસ કરવાની કામગીરી માટે રૂ.૫.૦૨ લાખનું એડવાન્સ પેમેન્ટ કરવા તેમજ બાકીની

રકમ રૂ.૩.૮૨ લાખ તા.30/0૬/૨૦૨૨ સુધી GRC માં પાર્ક કરવાની મંજુરી નીચેની શરતોએ આપવામાં આવે છે.

1. જમા રકમ અંગે તા.30/0૬/૨૦૨૨ સુધીમાં અચુકપણે ખર્ચ/ચુકવણું કરવાનું રહેશે.
2. જમા કરાવેલ રકમ GSFS ખાતે ડીપોઝીટ તરીકે મુકવાની રહેશે.
3. નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) એ ખાત્રી કરવાની રહેશે કે, GSFS માં પાર્ક કરેલી રકમ ઉપર મળેલ વ્યાજની રકમ રાજ્ય સરકાર ખાતે એટલે કે, બજેટ સદર ૦૦૪૯-૦૪-૮૦૦-૨૧ હેઠળ અચુકપણે જમા થાય.
4. સદર રકમ જે તે હેતુસર જ ઉપયોગમાં લેવાની રહેશે.
5. ખર્ચ/ચુકવણું કર્યા બાદ વધતી રકમ રાજ્ય સરકારમાં પરત જમા કરાવવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૫-૦૩-૨૦૨૨ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મહિલા ને બાળ વિકાસ કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા ને બાળ વિકાસ કચેરી, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નાણા સલાહકરશ્રી, મહિલા અને બાળ વિકાસ,નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર
- શાખા સિલેક્ટ ફાઈલ.